સંઘ પ્રદેશ દાદરા નગરહવેલી અને દમણ-દીવ,
સહાયક મત્સ્યોધોગ અધીક્ષક કાર્યાલય,દીવ

ઈમેલ- fish-diu-dd@nic.in
Tel No. 02875-252859

---

સં. એએસએફડી/એમએફવી-24/ફીશ/2024-25/164 તારીખ 31/07/2024

# સાર્વજનિક સૂચના

આથી દીવ જીલ્લા ની દરેક બોટ માલિકોને તેમજ માછીમાર ભાઈઓ ને જણાવવામાં આવે છે કે મત્સ્યોધ્યોગ કચેરી, દીવ દ્વારા દીવ જિલ્લા ની ફિશિંગ બોટો ના ઉપયોગ માટે ઓનલાઇન "દીવ સાગર (DIUSAGAR)" મોબાઇલ એપ્લીકેશન નો દરેક બોટ માલિકો દ્વારા સફ્તાપૂર્વક સરળતાથી ઉપયોગ કરી રહ્યા છે. પરંતુ અમુક બોટ માલિકો દ્વારા આ "દીવ સાગર એપ્લીકેશનમાં એન્ટ્રી કરવામાં જાણતા-અણજારતા મિસ્ટેક કરી રહ્યા છે તેના અનુસંધાને દરેક બોટ માલિકોને "દીવ સાગર એપ્લીકેશનમાં કઇ રીતે એન્ટ્રી કરવી તેમજ ફિશિંગ દરમ્યાન દરિયાઇ સુરક્ષા બાબતે તકેદારી રાખવા અને ફિશિંગ બોટમાં રાખવામાં આવતાં સુરક્ષા નાં સાધનો તથા ડૉકયુમેન્ટ ની જાણકારી માટે બોટ માલિકો અને માછીમારો ને નિમ્નલિખિત તાકિદ કરવામાં આવે છે :-

1. દીવ સાગર (DIUSAGAR)" મોબાઇલ એપ્લીકેશન માં ફિશિંગ બોટમાં સવાર ટંડેલ/ખલાસીઓ ની એન્ટ્રી કરવા માટે તેમનાં સાચા આધાર નંબર નાખવાં, તેમની સંપૂર્ણ વિગત ભરવી, ઓરિજિનલ QR Code વારા આધાર કાર્ડ સ્પષ્ટ દેખાઇ તે રીતે ઉપલોડ કરવું તેમજ ટંડેલ/ખલાસીઓ નો રિયલ ફોટો પાડી ઉપલોડ કરવો. જો બોટ માલિક દ્વારા ઉક્ત વિગતોની ખોટી નોંધ કરવામાં આવશે/તેમના આધાર નંબર ના આકડા ખોટા નાખવામાં આવશે અથવા તેમની જગ્યાએ અન્ય વ્યક્તિને કે સગીર વયના યુવાનોને ખલાસી તરીકે બોટમાં મોકલાવવામાં આવે છે અને ખોટી વિગતો જણાવશે તેની સઘળી જવાબદારી બોટ માલિક ની રહેશે અને તેવા સંજોગોમાં બોટ માલિક પર આવશ્યક કાર્યવાહી થઈ શકે છે . બોટ માલિકોને એ પણ નિવેદન કરવામાં આવે છે કે પોતાની બોટ ના મોબાઇલ એપ માં વર્ષ દરમ્યાન ખલાસી Permanent હોય અને સિજન પુરી તથા તે જ ખલાસી ફરીથી તમારી બોટમાં નહીં આવવાનો હોય તો તેવાં ખલાસીને મોબાઇલ એપમાં Temporary માં ફેરવી નાખવો.

2. તમામ ફિશિંગ બોટોએ "દીવ સાગર"એપ સોફ્ટવેર દ્વારા ઓનલાઇન ટોકન લીધા બાદ જ દરિયામાં માછીમારી કરવા જવાનું રહેશે. બોટ ફિશિંગ જવાની તારીખના અમુક કલાક અથવા એક દિવસ પહેલાથી જવાની રિકવેસ્ટ કરવી તથા બોટમાં બેલેન્સ ડિઝલ હોય તેને રિમાર્કર્સ ના કોલમમાં બતાવવું. કચેરી દ્વારા રિકવેસ્ટ મંજૂર થયા બાદ તેને ડાઉનલોડ કરી તેની PDF પ્રિન્ટ બોટમાં આપવી અથવા ટંડેલ ના મોબાઇલ પર વોટ્સઅપમાં PDF મોકલાવવું. ફિશિંગ બોટ જે બંદર પર નોધાવેલ હોય તે બંદર પરથી જ બોટની આવક-જાવક કરવાની રહેશે તેમજ પાર્ક કરવાની રહેશે. કચેરીના ફિશરીઝ ગાર્ડ/કર્મચારી તથા સમય-સમય પર મરીન પોલિસ સ્ટાફ દ્વારા ફિશિંગ બોટ ની ચકાસણી ની કાર્યવાહી થતી હોય આ કામગીરી માં પુરતો સહકાર આપવો અને પોતાની ફિશિંગ બોટ ની ચકાસણી કરાવવી.

3. ફિશિંગ બોટ જ્યારે ફિશિંગમાં થી પરત બંદર પર આવે ત્યારે જ "દીવ સાગર"એપ માં આગમન (Arrival) ની એન્ટ્રી નાખવી સાથે પકડેલ મચ્છી ના જથ્થા ની વિગતવાર એન્ટ્રી કરવી. કચેરીના ફિશરીઝ ગાર્ડ/કર્મચારી તથા સમય-સમય પર મરીન પોલિસ સ્ટાફ દ્વારા ફિશિંગ બોટ ની ચકાસણી ની કાર્યવાહી થતી હોય આ કામગીરી માં પુરતો સહકાર આપવો અને પોતાની ફિશિંગ બોટ ની ચકાસણી કરાવવી. ફિશિંગ બોટ દરિયામાં હોય તે દરમ્યાન આગમન (Arrival) ની એન્ટ્રી કરવી નહીં. અન્યથા તેની સઘળી જવાબદારી બોટ માલિક ની રહેશે અને તેવા સંજોગોમાં બોટ માલિક પર યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે.

4. આપના દ્વારા ડિઝલ રિકવેસ્ટ નાખ્યા બાદ મત્સ્યોધ્યોગ કચેરી દ્વારા કચેરીના કામના દિવસો દરમ્યાન (સોમ થી શનિ) સવારે 9.30 થી સાંજના 6.00 વાગ્યા સુધી પ્રતિ 2 કલાકે ડિઝલ ની રિકવેસ્ટ મંજૂર કરવામાં આવશે અને ડિઝલ ની જરૂરિયાત હોય તે પ્રમાણે જ રિકવેસ્ટ કરવી તથા બોટમાં બેલેન્સ ડિઝલ હોય તેને રિમાકર્સ ના કોલમમાં બતાવવું. ડિઝલ પ્રાપ્ત કર્યાબાદ તે ડિઝલ નો ઉપયોગ પોતાની જ બોટ માટે કરવો અન્ય રાજ્યની ફિશિંગ બોટને અથવા અન્ય વ્યક્તિને ગૈર-કાનૂની રીતે ડિઝલ વૈચાણ કરશે તો તેવા બોટ માલિક પર આવશ્યક કાર્યવાહી કરવામાં આવશે.

5. ફિશિંગ દરમ્યાન ડૉક્યુમેન્ટ માં ફિશિંગ બોટ રજીસ્ટ્રેશન પ્રમાણપત્ર, ઓરિજનલ ફિશિંગ લાયસેંસ, ફિશિંગ જવાની મંજૂરી નું ટોકન સાથે ની વિગત PDF પ્રિન્ટ અથવા ટંડેલ ના મોબાઇલમાં PDF તથા ટંડેલ તેમજ દરેક ખલાસીઓ ના ઓરિજનલ PVC QR Code વારા આધાર કાર્ડ સાથે રાખવાનાં રહેશે. દરેક ફિશિંગ બોટ ના રજિસ્ટ્રેશન નંબર મોટા અક્ષરે પ્રિન્ટ કરેલા અને સ્પષ્ટપણે દેખાઇ તે રીતે રાખવાં જરૂરી છે.

6. બોટ રજીસ્ટ્રેશન પ્રમાણપત્ર, ફિશિંગ લાયસેંસ તેમજ ઓનલાઇન ટોકન ધરાવતી હોય તેવી જ બોટોથી માછીમારી પ્રવૃતિ કરવાની રહેશે. જો કોઇ ફિશિંગ બોટ રજીસ્ટ્રેશન અને ફિશિંગ લાયસેંસ વગરની માલુમ પડશે અથવા તો અન્ય ફિશિંગ બોટ નું રજીસ્ટ્રેશન બોટ પર લગાડી દુરપયોગ કરતા મરીન પોલિસ, તટવર્તી સુરક્ષા એજેન્સી દ્વારા પકડાશે તો તેની સઘળી જવાબદારી બોટ માલિક તથા દુરપયોગ કરનારની રહેશે અને આ બાબતને સરકાર ની સાથે છેતરપીંડી કરેલ ગણી તેના પર કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

7. બોટમાં પુરતા જીવન રક્ષક સાધનો – વાયરલેસ, લાઇફ જેકેટ, લાઇફ (રીંગ) બોયા, રેડીયો, ટોર્ચ, DAT, GPS અચૂક સાથે રાખવાના રહેશે. તથા કયારેય પણ GPS બંધ કરવું નહી.

8. ફિશિંગ બોટ તેમજ ટંડેલ/ખલાસીઓ ની સુરક્ષા માટે દરેક બોટ માલિકે ફિશિંગ દરમ્યાન તેમજ ફિશિંગ પ્રતિબંધ (Fishing Ban) દરમ્યાન પોતાની બોટમાં 1 થી 2 નંગ અગ્નિશામક (ફોમ પ્રકાર) ઉપકરણોની (Fire Extinguisher-foam type) ફીટ કરવું અનિવાર્ય છે.

9. દરેક બોટ માલિકે પોતાની ફિશિંગ બોટમાં સવાર ટંડેલ તેમજ દરેક ખલાસીઓનો ગૃપ વીમો (Group Insurance) કરાવવો અનિવાર્ય છે.

10. દરેક બોટ માલિકે પોતાની ફિશિંગ બોટનો વીમો (Insurance) કરાવવા માટે જાણ કરવામાં આવે છે.

11. દરેક બોટ માલિકે પોતાની ફિશિંગ બોટની અંદર ટોઇલેટ સુવિધા રાખવી અનિવાર્ય છે.

12. કોઇપણ માછીમારી બોટ કોઇપણ કારણોસર તુટી જાય કે માલિક દ્વારા તોડવામાં આવે, સળગી જાય, કોઇ અકસ્માત થાય, ટોટલ લોસ થાય, ગુમ થાય, અપહરણ થાય કે બોટમાં સવાર ટંડેલ/ખલાસી નું મૃત્યુ થાય તો તેની તાકાલીક જાણ આ કચેરીને કરવાની રહેશે. જો બોટ ટોટલ લોસ, માલિક દ્વારા બોટને તોડી નાખવામાં આવે અથવા માલિક દ્વારા બોટને અન્ય રાજ્યમાં રજીસ્ટ્રેશન પ્રમાણપત્ર વિના વહેચી નાખવામાં આવે તો તે બોટ નું **રજીસ્ટ્રેશન** તાત્કાલિક રદ કરાવવાનું રહેશે અને આવી બોટો ના **રજીસ્ટ્રેશન** નો દુરુપયોગ અન્ય બોટ પર કરવામાં આવશે તો તેની સઘળી જવાબદારી બોટમાલીક ની રહેશે અને **તેના પર** કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

13. માલિક દ્વારા પોતાની બોટને અન્ય રાજ્યના વ્યક્તિને કે અન્ય બંદરમાં વહેચી નાખવામાં આવે તો તેની જાણ આ કચેરી ને તરત કરવી અને તેની એક મહિનાની અંદર ટ્રાન્સફર ઓફ પોર્ટ NOC ની કાર્યવાહી કરી લેવાની રહેશે. અન્યથા તે ફિશિંગ બોટ દીવ જિલ્લા ના બંદર પર ઉપલબ્ધ નહીં સમજી તેનું **રજીસ્ટ્રેશન** રદ કરાવવામાં આવશે.

14. દીવ જિલ્લા ની કોઇપણ માછીમારી બોટો/ બોટોના સમુહ દ્વારા પ્રતિબંધિત ગેરકાયદેસર લાઈન ફિશિંગ, એલઇડી લાઇટ (LED Light) ફિશિંગ પદ્ધતિથી થતી માછીમારી કરવી નહી. જો કોઇપણ માછીમારી બોટો દ્વારા આવી ગેરકાયદેસર ફિશિંગ પદ્ધતિથી માછીમારી કરવામાં આવતી હોવાનું ધ્યાને આવશે તો તેના ઉપર યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે અને તેની સઘળી જવાબદારી બોટ માલીકો ની રહેશે.

15. કોઇપણ માછીમારી બોટ દમણ અને દીવ મત્સ્યોધ્યોગ અધિનિયમ તહત નિયત કરાયેલ ઇન્ક બ્લૂ અને લેમન પીળો કલર કોડ હોવો જરૂરી છે તેમજ ફિશિંગ બોટની બંને સાઈડ અને કેબીન ની છપલી પર કાળા રંગના બ્રેકગ્રાઉન્ડ માં સફેદ રંગ થી બોટનું નામ અને રજીસ્ટ્રેશન નંબર 6 ઇંચ કરતાં મોટી સાઇઝ માં પેઈન્ટ કરાવવું તથા ફિશિંગ બોટની બંને સાઈડ તિરંગા (Tricolour) પેઈન્ટ કરાવવો અને ફિશિંગ બોટ ના સ્તંભ(કો) પર તિરંગા ધ્વજ (Tricolour Flag) બધાથી ઉપર લગાવવો.

16. પોતાની માછીમારી બોટ કોઇનેપણ ભાડે આપવી નહી /માછીમારી સિવાય અન્ય કોઇપણ પ્રવૃતિ કરવી નહી.

17. હંમેશા નો ફિશિંગ ઝોન થી દૂર રહીને માછીમારી કરવી. તેમજ પ્રતિબંધિત દરિયાઇ વિસ્તાર, રીફાઇનરી નજીક માછીમારી કરવી નહી. તથા કોઇપણ સંજોગોમાં આઇ.એમ.બી.એલ. ક્રોસ કરવી નહી તેમજ અન્ય માછીમારી બોટોને પણ નો ફિશિંગ ઝોન થી દૂર રહીને માછીમારી કરવા સૂચના આપવી.

18. કોઇપણ અજાણ્યા વ્યક્તિને બોટમાં બેસાડવો નહી/આવી વ્યક્તિઓ કે બોટોને માર્ગદર્શન આપી દરિયા કિનારે લાવવામાં મદદ કરવી નહીં કે શહેર કે બંદર નો રસ્તો બતાવવો નહી/ કોઇપણ વસ્તુની આપ-લે કરવી નહી. તેમજ આવો બનાવ બને તો તાત્કાલિક નજીકના ભારતીય નેવી/મરીન પોલીસ/ ભારતીય કોસ્ટગાર્ડ/ફીશરીઝ અધિકારી/ સુરક્ષા એજન્સી ને જાણ કરવી.

19. માછીમારોએ કોઇ શંકાશીલ કે ગેરકાનુની પ્રવૃતિ કરતા વ્યક્તિ અથવા રાજકીય સુરક્ષા વિરોધી કોઇપણ કાર્ય કરતા જણાય કે કોઇ શંકાશીલ બોટ/વસ્તુ/ વ્યક્તિની મુવમેંટ ધ્યાને આવે તો તાત્કાલિક નજીક ના ભારતીય નેવી/મરીન પોલીસ/ ભારતીય કોસ્ટગાર્ડ/ફીશરીઝ અધિકારી/ સુરક્ષા એજન્સી ને જાણ કરવી.

20. જયારેપણ ભારતીય નેવી/મરીન પોલીસ/ ભારતીય કોસ્ટગાર્ડ/ફીશરીઝ અધિકારી/ સુરક્ષા એજન્સીઓ દ્વારા બોટનો સંપર્ક કરવાનો પ્રયત્ન કરવામાં આવે અથવા દસ્તાવેજો ચકાસવા માંગવામાં આવે ત્યારે તેમને પુરતો સહયોગ આપવો.

21. દરિયામાં માછીમારી કરતી વખતે માઇક્રો પ્લાસ્ટિકનું તેમજ અન્ય પ્રદૂષણ ના થાય તે હેતુ થી માછીમારી કરતી વખતે ઇકો ફ્રેંડલી ફિશિંગ ગીયર (નેટ) વાપરવા તેમજ પ્લાસ્ટિક આધારીત માછીમારી ના સાધનો નો ઉપયોગ ઘટાડી પર્યાવરણ માટે ઓછા હાનીકારક હોય તેવા વિકલ્પો નો ઉપયોગ વધારવો. વધુમાં કોઇ વ્યક્તિએ જુની જાળ, તેના વપરાયેલ કે વણવપરાયેલ ટુકડા, બળેલ ઓઇલ, થર્મોકોલ ના ટુકડા જાહેર ક્ષેત્રમાં કે બારામાં ફેકવા નહી.

22. ફિશિંગ દરમ્યાન ફિશિંગ નેટમાં પ્લાસ્ટીક, બોટલ, અન્ય કચરો આવે તો તેને સંગ્રહ કરી રાખવો અને જ્યારે બંદર પર ફિશિંગ બોટ પરત આવે ત્યારે તે કચરાનો યોગ્ય રીતે નિકાલ કરવો.

23. ફિશિંગ દરમ્યાન કોઈ સંકટ સમયે બોટ માલિક/ટંડેલ/ ખલાસીએ વાયરલેશ દ્વારા ભારતીય કોસ્ટગાર્ડ નો ટોલ ફ્રી નંબર 1093 અથવા ચેનલ 16 નો ઉપયોગ કરવો.

ઉપરોક્ત જાણકારી અને સૂચના નું દરેક બોટ માલિકો, માછીમારો, માછીમાર એસોશિએસનો, માછીમાર સમુદાયો ગંભીરતા થી નોંધ લઈ દરેક બોટ માલિકો અને માછીમારો ને સલામતી માટે જાગૃત કરવા માટે સૂચન કરવામાં આવે છે. અને ઉપરોક્ત સુચનાઓ નો ભંગ કરનાર બોટોના માલિકો સામે કાયદેસરની કાર્યવાહી થઈ શકે છે.

(સુકર આંજણી )
સહાયક મત્સ્યોધ્યોગ અધીક્ષક,
દીવ

સેવામાં,

1. પ્રમુખશ્રી, દીવ જીલ્લા ની વિવિધ મત્સ્ય કો.ઓ.સોસાયટીઓ } જાણકારી તથા વધુમાં વધુ
2. પ્રમુખશ્રી, દીવ જીલ્લા ના વિવિધ બોટ/માછીમાર એસોશિયેસનો } પ્રચાર- પ્રસાર માટે
3. "દીવસાગર" મોબાઇલ એપ દ્વારા દરેક બોટ માલિકોને જાણકારી

પ્રતિલિપિ પ્રેષિત:-

1. માનનીય કલેક્ટર સાહેબા, કલેક્ટર કચેરી, દીવ } ........... જાણકારી માટે
2. નિદેશક અને ઉપ સચિવ (મત્સ્યોધ્યોગ), દમણ }
3. ઇન્ચાર્જ, મરીન પોલિસ, વણાકબારા અને દીવ } ...... જાણકારી અને આવશ્યક કાર્યવાહી માટે